सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયાતારીખ: | ૧૩–૧૨–૨૦૨૪ |
| રજી.લીધા તારીખ : | ૧૩–૧૨–૨૦૨૪ |
| ફેસલ થયા તારીખ: | ૦૪–૦૫–૨૦૨૬ |

---

ભિલોડાના મે. એડી.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.ભિલોડા,

---

ક્રિ.કેસ નંબર–૧૪૪૧/૨૦૨૪
આંક : – ૩૨

ફરીયાદી:– શ્રીસરકાર
(ભિલોડા પો.સ્ટે. ગુ.રજી.નં.૦૨૧૧/૨૪)

–:: વિરુધ્ધ ::–

આરોપી:– અલ્પેશભાઈ ચુનીલાલ કટારા,ઉં.વ.૨૯,
રહે. બોલુન્દ્રા,તા.ભિલોડા, અરવલ્લી

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહી.એકટ કલમ– ૬૫(એ(એ) મુજબ.

---

ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એ.જે.ગઢવી,

---

//જજમેન્ટ//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે, આરોપીએ તા.૦૮/૦૪/૨૦૨૪ ના કલાક ૦૯/૦૦ વાગ્યે પ્રોહી પ્રતિબંધક

એરીયામા પોતાના કબ્જા ભોગવાટાના મકાનની બાજુમાં આવેલ વાડમાં છીંકણી કલરના થેલામાં મેજીક મોમેન્ટસ ઓરેન્જ ફ્લેવર સુપીરીયર વોડકા ૭૫૦ એમ.એલની છુટટી બોટલ નંગ.૪ તથા કિંગફિશર સ્ટ્રોંગ પ્રીમીય બીયર બકાચની ૬૫૦ એમ.એલની છુટી બોટલ નંગ.૫ કિ.રૂા.૭૫૦/– ગણી કુલ વિદેશી દારૂ/બિયર બોટલ નંગ–૯ મળી કિ.રૂા.૨૦૯૦/–નો પ્રોહી મુદામાલ પોતાના ઘરે રાખી હાજર મળી ન આવી ગુન્હો કરી પ્રોહી એકટ કલમ ૬૫ એ એ મુજબનો ગુનો આચરેલ. મજકુર બનાવ ની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસ ના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્ર ેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી આંક–૦૬ થી નિવેદન લેતાં આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) આ કામમાં ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>

આંક.૧૪ થી ફરીયાદી અ.પો.કો.શૈલેષકુમાર લક્ષ્મણભાઈની જુબાની

આંક.૧૫ થી ફરીયાદ

આંક.૨૧ થી પંચસાહેદ લક્ષ્મણભાઇ બાબુભાઈ નિનામાની જુબાની

આંક.૨૨ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

આંક.૨૮ થી પંચસાહેદ અશ્વિનભાઈ ધુળાભાઈ અસારીની જુબાની

આંક.૩૦ થી ત.ક.અ.અ.હે.કો.સુભાષભાઈ બાબુભાઈની જુબાની

આંક.૩૧ થી સુચિપત્ર

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા, આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીઓએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

| | |
|---|---|
| (૧). | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૮/૦૪/૨૦૨૪ ના કલાક ૦૯/૦૦ વાગ્યે પ્રોહી પ્રતિબંધક એરીયામા પોતાના કબ્જા ભોગવાટાના મકાનની બાજુમાં આવેલ વાડમાં છીંકણી કલરના થેલામાં મેજીક મોમેન્ટસ ઓરેન્જ ફલેવર સુપીરીયર વોડકા ૭૫૦ એમ.એલની છુટટી બોટલ નંગ.૪ તથા કિંગફિશર સ્ટ્રોંગ પ્રીમીય બીયર બકાચની ૬૫૦ એમ.એલની છુટી બોટલ નંગ.૫ કિ.રૂા.૭૫૦/- ગણી કુલ વિદેશી દારૂ/બિયર બોટલ નંગ-૯ મળી કિ.રૂા.૨૦૯૦/-નો પ્રોહી મુદામાલ પોતાના ઘરે રાખી હાજર મળી ન આવી ગુન્હો કરી પ્રોહી એકટ કલમ ૬૫ એ એ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨). | શું હુકમ ? |

(૫). ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

(૧). મુદ્દા નંબર–૧: નકારમાં,
(૨). મુદ્દા નંબર –૨: આખરી હુકમ મુજબ.

// નિ ર્ણ ય અંગેના કારણો //

(૬) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક.૨૧ થી પંચસાહેદ લક્ષ્મણભાઈ બાબુભાઈ નિનામાના ઓને તથા આંક.૨૮ થી પંચસાહેદ અશ્વિનભાઈ ધુળાભાઈ અસારી તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદો એ તેમની જુબાની દરમિયાન આંક–૨૨ નાં મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. આ પંચસાહેદો ને તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ. પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં આ પંચસાહદૌએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા આ સાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચસાહદો જણાવેલ છે કે,પોલીસે તેમની એક તૈયાર લખેલા કાગળ માં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી તેમજ પોલીસે તેમની હાજરીમાં કોઈની પાસે થી દારુ કબજે કરેલ નથી.

(૭) વધુમાં,ફરીયાદ પક્ષે આંક.૧૪ થી ફરીયાદી અ.પો.કો. શૈલેષકુમાર લક્ષ્મણભાઈનાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપૂર્વકની જુબાની દરમ્યાન એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ ભીલોડા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે વખતે અમો તથા ભીલોડા પો.સ્ટે.ના અ.હે.કો. સુભાષભાઈ બાબુભાઈ તથા બીજા પો.સ્ટે.ના માણસો સાથે પો.સ્ટેમાં ફરજમાં હતા તે દરમ્યાન

બાતમી મળેલ કે બોલુન્દ્રા ગામે રહેતા અલ્પેશ ચુનીલાલ કટારા પોતાના ઘરે ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે વિદેશી દારૂનો જથ્થો લાવી ઘરે મુકેલ છે જે આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો સાથે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા અલ્પેશભાઈ ચુનીલાલ કટારા ઘરે મળી આવેલ નહી જેથી સદરીના ઘરની આજુબાજુ તપાસ કરતા ત્યાંથી પ્રોહી મુદ્દામાલ ઈગ્લીશ દારૂ મુકેલ મળી આવેલ જે પો. સ્ટે.આવી ગણી જોતા કુલ બોટલ નંગ–૦૯,કિ.રૂા.૨,૦૯૦/– નો હતો જેનુ વિગતવારનુ પંચનામુ કરી કબજે કરવામાં આવેલ તથા એક બોટલ સેમ્પલ રાખી આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી રાખતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ અમોએ આપેલી.મને ફરીયાદની અસલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે,જે ઓળખુ છુ જે રજુ દાખલ આંક–૧૫ આપવામા આવે છે. આરોપીને જોયેથી ઓળખુ છુ.'' જયારે બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,'' એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યાએ ખુલ્લા ખેતરો અને છુટા છવાયા મકાનો આવેલા છે.એ વાત ખરી નથી કે પ્રોહી રેડ વખતે પંચો સાથે રાખેલા નહી.એ વાત ખરી છે કે,પંચોના નામ સરનામા મારી ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ પકડાયેલ ન હોવા છતા ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે,ઉપરી અધિકારીના કહેવાથી ખોટી ફરીયાદ કરેલ છે. ''

(૦૮) વધુમાં,ફરીયાદ પક્ષે આંક.૩૦ થી ત.ક.અ. અ.હે.કો. સુભાષભાઈ બાબુભાઈ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપૂર્વકની જુબાની દરમ્યાન એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ ભીલોડા પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે વખતે અમો તથા ભીલોડા પો.સ્ટે.ના અ.પો.કો. શૈલેષકુમાર લક્ષ્મણભાઈ તથા બીજા પો.સ્ટે.ના માણસો

સાથે પો.સ્ટેમાં ફરજમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે બોલુન્દ્રા ગામે રહેતા અલ્પેશ ચુનીલાલ કટારા પોતાના ઘરે ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે વિદેશી દારૂનો જથ્થો લાવી ઘરે મુકેલ છે જે આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો સાથે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા અલ્પેશભાઈ ચુનીલાલ કટારા ઘરે મળી આવેલ નહી જેથી સદરીના ઘરની આજુબાજુ તપાસ કરતા ત્યાંથી પ્રોહી મુદ્દામાલ ઈંગ્લીશ દારૂ મુકેલ મળી આવેલ જે પો. સ્ટે. આવી ગણી જોતા કુલ બોટલ નંગ–૦૯, કિ.રૂા. ૨,૦૯૦/– નો હતો જેનુ વિગતવારનુ પંચનામુ કરી કબજે કરવામાં આવેલ જે પંચનામુ આ કામે આંક–૨૨ થી રજુ છે. જેમાં રૂબરૂમાં અમારી તથા પંચોની સહીઓ છે.તથા એક બોટલ સેમ્પલ રાખી આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી રાખતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ અ.પો.કો. શૈલેષકુમાર લક્ષ્મણભાઈઆપેલી.ત્યારબાદ ભિલોડા પો.સ્ટે.ના પી.એસ.આ. શ્રી એ.એસ.આઈ. ચંદુભાઈ ખાતુભાઈના ઓએ ગુ.ર.નં.૨૧૧/૨૪,પ્રોહી એકટ કલમ–૬૫ એએ મુજબ ગુન્હો રજીસ્ટર કરી સુચિપત્રમાં મારા નામોજોગ હુકમ કરી તપાસ અમોને સોંપેલ જે સુચિપત્રની ખરી નકલ રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે. સદર ગુનાના કામે અમોએ સાથેના કર્મચારીઓના નિવેદન લીધેલા અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ાર્જશીટ કરેલ.આરોપીને જોયે ઓળખુ છુ જે નામદાર કોર્ટમાં હાજર નથી. હાજર હોય તો ઓળખી શકુ.'' જયારે બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,''એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યાએ ખુલ્લા ખેતરો અને છુટા છવાયા મકાનો આવેલા છે.એ વાત ખરી નથી કે પ્રોહી રેડ વખતે પંચો સાથે રાખેલા નહી.એ વાત ખરી છે કે,પંચોના નામ સરનામા મારી ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,ઉપરી

અધિકારીના કહેવાથી ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે,આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

(૦૯) આ કામે ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે,આંક–૨૨ નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦) <u>નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સં જોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક–૨૨ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદો ના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકાર પુરાવાની ગેરહાજરીમાં આંક–૨૨ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૨) વધુમાં, <u>નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩</u> ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, "Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૩) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે, સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈગ્લીસ દારૂ/ બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકો ના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે. આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની

માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં.આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૪) આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર નિષ્ફળ નિવડેલ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

(૧) આરોપી અલ્પેશભાઈ ચુનીલાલ કટારા,ઉં.વ.૨૯, રહે. બોલુન્દ્રા,તા.ભિલોડા, અરવલ્લીનાઓને બી.એન.એસ.એસ.ની કલમ –૨૭૧(૧) મુજબ ધી. ગુજરાત પ્રોહી. એકટ કલમ– ૬૫(એ)(એ) મુજબ ના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વીત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪ થી,માહે–મે,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૪/૦૫/૨૦૨૬ (તુષારકુમાર વીરાભાઈ પરમાર)
મુકામ: ભીલોડા એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084